
ૐ



# યોગ્ય વયે લગ્ન કરી પુત્રીઓના આશીર્વાદ મેળવો.

(કડવા પાટીદારની લગ્ન પદ્ધતિ)

અને

( તેમાં થવા જોઇતા સુધારા. )

પ્રત ૧૦૦   સને ૧૯

છાપી પ્રસિદ્ધ કરનાર.

પા. હરજીવન ભગવાન ભાવનગરવાળા.

માલેક:— ધર્મ વિજય પ્રિન્ટીંગ પ્રેસ.

નં. ૫૭૨ પાયધુની મુંબઇ.

# યોગ્ય વયે છુટા લગ્ન કરી, પુત્રીઓના આશીર્વાદ મેળવો.

પ્રિય જ્ઞાતિ બંધુઓ! આપણી કોમમાં દર નવ અને અગીઆર વર્ષે એકજ તીથીએ લગ્ન કરવાનો રિવાજ લગભગ ૫૦૦ થી ૬૦૦ વર્ષથી ચાલે છે. હાલમાં આપણી જ્ઞાતિના કેટલાક બંધુઓએ આ રિવાજમાં સુધારો કરી, મોટી ઉંમરે છુટા લગ્ન કરવાનો રિવાજ દાખલ કર્યો છે. આપણા એક તિથીએ થતાં ન્હાની ઉમરના અજ્ઞાન બાળકોનાં ધર્મશાસ્ત્ર અને વૈદ્યકશાસ્ત્ર વિરૂદ્ધ તેમજ કોઇપણ જાતની વિધિ વગરના લગ્ન માટે ન્હાના પ્રકારે, દુનિયાની દરેક પ્રજામાં ચર્ચા થઇ રહેલી છે. એટલુંજ નહિ પણ આપણીજ જ્ઞાતિના કેટલાક કેળવાયલા બંધુઓ પણ માંહોમાંહી ચર્ચા કરી રહ્યા છે. સ્વર્ગવાસી શેઠ **બેચરદાસ** જેવા જ્ઞાતિ હિતચિંતક પુરૂષો લગ્ન પદ્ધતિમાં ફેરફાર કરવા મથન કરતા હતા, પણ આપણા લગ્નથી બ્રાહ્મણોને તેમજ આપણી કોમના ગણ્યા ગાંઠ્યા થોડાક કુટુંબોને મ્હોટો લાભ થતો હોવાથી તેઓ તરફથી **મહાદેવી ઉમીયાજી**ને નામે ભય બતાવવામાં આવતો હતો. જેથી આપણી કોમના ભોળા અને ભલા દીલના કેટલાક આગેવાનો તેમજ સમસ્ત જ્ઞાતિ બંધુઓ વ્હેમનાં પાસમાં બંધાઇ જઇ અંધકારમાં ગોથાં ખાઇ રહ્યા હતા.

વૃદ્ધ પુરૂષોના વ્હેમી વિચારોથી યુવક વર્ગના કેળવાયલા પુરૂષો પણ દબાઇ રહી લગ્ન સંબંધે કાંઇપણ ચર્ચા કરી શકતા નહોતા. સંવત્ ૧૯૪૬ ના લગ્ન પેહેલાં આપણી જ્ઞાતિના એક બંધુએ ગુજરાતી પેપરમાં " **કડવાની દેવી બોલી** " એ મથાળા નિચે એક લેખ લખ્યો હતો, પણ આપણી કોમનો મ્હોટો ભાગ અભણ હોવાથી તેમજ જે કોઇ થોડા ઘણા લખી વાંચી જાણે તેવાઓને તે સંબંધી કાંઇ પણ વિચારવાનું નહિ હોવાથી અને સ્વાર્થીઓ તરફથી તેવા લેખકોને માટે આપણા ભોળા ભાઇઓના હૃદયમાં ખરાબ વિચાર ઠસાવવાનો ચાલુ પ્રયાસ હોવાથી લગ્ન તીથીમાં ફેરફાર કરવાનું કામ મહાન્ જોખમ ભરેલું થઇ પડયું હતું.

આપણા એક તીથીના લગનથી અનેક જાતની હાનીઓ આપણી કોમને ભોગવવી પડી છે. એટલુંજ નહીં પણ તેના અંગે નાતરાનો રીવાજ દાખલ થઇ તેના પરિણામે છુટાછેડાનો દુષ્ટ રીવાજ ચાલુ થયો છે. આ દુષ્ટ રીવાજથી આપણી કોમને મહાન્ લાંછન લાગેલું છે, અને ખરા કુળવાન અને ખાનદાન કુટુંબોને પ્રસંગોપાત ઘણું શરમાવું પડે છે. પરંતુ નામધારી કુળવાન અને તેને પુજનારા કહેવાના ખાનદાન ભાવિક ભક્તોને તો શરમાવાનું છેજ નહીં! કારણ કે દ્રવ્ય માટે સ્ત્રીને છાંડવી અને વારંવાર દ્રવ્ય ખરચી પુત્રીને અનેક પતીવાળી બનાવવી એમાંજ કુલીનતા અને ખાનદાની મનાયેલી છે.

જ્યાં સુધી બીજી વખતના દાંત ન આવે ત્યાં સુધીમાં બાળકો ઓરી, અછબડા, શીળી વીગેરે દરદોથી કદરૂપાં બને છે તથા દાંત

આવવાથી નહાના પ્રકારના રોગ થઇ અનેક બાળકો બગડે છે. અથવા તો તેના શરીરમાં કોઇને કોઇ પણ પ્રકારની ખામી આવે છે.

એ ચાર મહીના કે બે ચાર વર્ષના બાળકોના વેવીશાળ કરી લગ્ન કરવાથી જે કાંઇ ખામીઓ તેનામાં ન હોય, ને પાછળથી લાગુ પડવાથી રૂપરંગનાં કજોડાં થાય છે. અને ઉંમરના કજોડાંતો આખી ન્યાતની અંદર સાધારણ છે. આથી એવું પરિણામ આવે છે કે ભવિષ્યમાં ન્હાના પ્રકારે અણબનાવ થઇ સુખરૂપ સંસાર ચાલતો નથી. પરિણામે અણબનાવને લીધે અને કજોડાં થવાથી છુટાછેડારૂપી અધમ કર્મ કરવું પડે છે.

નાની ઉમરમાં લગ્ન થવાથી માનસીક વ્યભિચાર વધે છે, અને તેના લીધે બાળકો કેળવણી લઇ શકતા નથી, જેથી જીંદગી પર્યંત મજુરી કરીને મુસ્કેલીએ નિર્વાહ ચલાવવા પડે છે.

આપણાથી ચડતી કોમો બ્રાહ્મણ અને વણીકને બાજુપર મુકી આપણે આપણી બરોબરની અથવા આપણાથી ઉતરતીજ કોમની સાથે સરખામણી કરીશું તો માલમ પડશે કે આપણી કોમ કેળવણીમાં પછાત છે. **લેવા પાટીદારો** આપણા બંધુઓ છે અને તેઓ પણ ખેડુત વર્ગ છે, છતાં તેમાંના બાળલગ્ન નહીં કરનારા વિભાગમાં જેટલા કેળવણી લીધેલા બંધુઓ છે તેટલાનીજ સરખામણીમાં પણ આપણી કોમ ઘણી પાછળ પડેલી છે. મદ્રાસ, બંગાલ, માહીસોર. અને પંજાબ વીગેરેમાં આપણા બંધુઓ કુણબી અને કુણબી ક્ષત્રીયને નામે ઓળખાય છે તેઓ પણ બાળલગ્ન નહીં હોવાને સબબે કેળવણીમાં ઘણા આગળ વધેલા છે. આ ઉપરથી સાબીત થાય છે કે આપણી

કોમ બાળલગ્નના પ્રતાપેજ કેળવણીમાં પછાત છે અને તેથીજ વ્યવહારીક કાર્યોમાં અન્ય કોમોથી ઠગાય છે.

આપણી કોમમાં કન્યાવિક્રય, સાટાપેટા અને તેખડાનો રીવાજ ઘણા ભાગમાં ચાલે છે, માત્ર જુજ ભાગમાંજ કન્યાવિક્રય નથી પણ તેમનામાં વરવિક્રયનો રિવાજ છે. નાની વયમાં લગ્ન થવાથી જો કદાચ કન્યા કે વર ખંડીત થાય તો તેથી વરવીક્રયના વિભાગમાં કન્યાના બાપે કરેલો ખર્ચ નકામો જાય છે, અને ફરી ખરચના બોજામાં ઉતરવું પડે છે, અને કન્યાવિક્રયના વિભાગમાં વરના બાપને ભારે નુકશાની ભોગવવી પડે છે.

એકજ તીથીનાં લગ્ન હોવાથી જે વિભાગમાં કન્યાની અછત છે અથવા જે વિભાગમાં કન્યાની છત હોવા છતાં અમુક નામધારી કુટુંબમાં એક ઉપર બીજી અને બીજી ઉપર ત્રીજી કન્યા અપાતી હોવાથી બંને વીભાગનાં ગરીબનાં છોકરાઓને કન્યા મળતી નથી, જેથી ઘણા છોકરાઓ વાંઢા રહી જાય છે. લગ્ન વખતે છોકરાના બાપ પાસે પૈસા ન હોવાથી પોતાના છોકરાને પરણાવી શકતો નથી. અને બીજા લગ્ન આવતા દરમ્યાન છોકરાની ઉમર મોટી થઇ જવાથી અને તે વખતે કન્યાઓ નાની વયની હોવાથી પૈસા આપવા છતાં પણ તેને લગ્ન કરવાની કન્યા મળતી નથી, જેથી બીચારાને લાચારીએ નાતરાની કન્યા લાવી ગૃહસંસાર ચલાવવો પડે છે, અને લગ્નનો લ્હાવો લેવાનો વખત મળતોજ નથી.

આ ઉપરથી એટલું તો સાબીત થાય છે કે એક તીથીના લગ્નના ખરાબ રીવાજને લીધે આપણી કોમ કેળવણીમાં પછાત પડી

છે, બાળ વિધવાઓ વધવાથી પુનઃ લગ્ન ઘણાં થાય છે, કજોડાં થવાથી છુટાછેડારૂપી અધમ અને શરમાવે તેવો દુષ્ટ રીવાજ દાખલ થયો છે. અનેક ગરીબ માબાપોના છોકરાઓ મરતાં સુધી લગ્નનું સુખ લેવા પામતા નથી, અને કજોડાં થવાથી આપણી કોમની અનેક બાળકીઓ ન્હાના પ્રકારે દુઃખ ભોગવે છે, આ સઘળાનું મુખ્ય કારણ આપણા એક તીથીના બાળલગ્નજ છે.

આ સઘળું આપણે જાણીએ છીએ છતાં ઘણા અજ્ઞાન અને વહેમી લોકોને સ્વાર્થીઓએ વહેમમાં ફસાવેલા હોવાથી માત્ર તેઓ મહાદેવી ઉમીયાજીનું અપમાન થવાના ભયથી ડરી કાંઇપણ લગ્ન પદ્ધતિમાં ફેરફાર કરવા આગળ પડતા નથી. તેમજ કેળવાયલો વર્ગ થોડો હોવાથી તેનું કાંઇ ચાલી શકતું નથી, અને જેઓને આ લગનથી લાભ છે તેવાઓ છુટા લગ્ન કરનારાઓને જ્ઞાતિબહાર મુકવા અને હેરાન કરવા ન્હાના પ્રકારે પ્રપંચો કર્યે જાય છે, અને તેમાં ભોળા અને ભલા અજ્ઞાન વર્ગના લોકોને પોતાનું હથીઆર બનાવે છે.

છુટા લગ્ન કરવાનો પહેલેથીજ નિશ્ચય કરી સંવત ૧૯૫૭ નાં લગ્ન પહેલાં વેવીશાળો કરી રાખી સંવત ૧૯૬૩ ના વઇશાખ સુદ ૫ ના યાદગાર દીવસે ભાવનગરમાં ૧૪ વર્ષની કન્યા અને ૧૯ વર્ષના મુરતીઆના લગ્ન થયાં તે વખતે ઉંઝાના બ્રાહ્મણો કે જેઓને આપણા એક તીથીનાં લગ્નથી લગ્ન વખતે લગભગ એક લાખ રૂપીઆની આવક થાય છે તે આવક છુટાં લગ્ન થવાથી બંધ પડી જાય જેથી તેઓ અને આપણીજ કોમના કેટલાક સ્વાર્થીઓ કે જેઓને એક તીથીના લગ્નથી લાભ થાય છે તેઓ સાથે મળી ગામેગામ ફરી વહેમની જાળ પાથરતા હતા.

ભાવનગરમાં થએલાં લગ્ન મહાદેવીની આજ્ઞાથી તેની ઇચ્છાનુસાર થએલા હોવા છતાં બ્રાહ્મણો અને આપણીજ કોમના સ્વાર્થીઓ તે લગ્ન સંબંધે જુઠી અફવાઓ ફેલાવી આપણી કોમમાં વહેમની જાળ પાથરવાની હીલચાલ કરતા હતા, તેથી મહાદેવી ઉમીયાજી કોપાયમાન થવાથી અથવા બીજા કારણથી સંવત ૧૯૬૬ ની સાલમાં લગ્નમાં અનેક ફાંટા પડી જુદી જુદી તીથીએ ઘણાં લગ્ન થયાં. અને તેમાં પણ ઘણાંક તો છુટાં લગ્ન થઈ ગયાં. આથી વહેમનો અંધારો પડદો સ્વાર્થીઓએ પાથર્યો હતો તેના ફાટી ચુરેચુરા થઈ ગયા. અંધકારમાં ગોંધાઇ રહેલા જ્ઞાતી બંધુઓના ઉપર સૂર્યનારાયણનો પ્રકાશ પડવાથી સ્વાર્થીઓને સર્વે બંધુઓએ ઓળખી લીધા. મહાદેવી ઉમીયાજીના ઉપર જુઠું કલંક લગાડનારાઓનાં પાપ કર્મો સૌએ જાણી લીધાં. મહાદેવી ઉમીયાજીની ઇચ્છા એકજ તીથીએ લગ્ન કરાવવાની નથી પણ યોગ્ય ઉમરે શુભ મુહુર્તે લગ્ન કરાવવાની છે એમ સર્વ જ્ઞાતિ બંધુઓને ખાત્રી થઇ જવાથી સંવત ૧૯૬૬ ના લગ્ન વખતેજ અનેક સમજુ અને શાણા માબાપોએ પોતાના બાળકોને પરણાવ્યા નહીં. દરમ્યાન ચાલુ શાલમાં અમદાવાદ શેહેરમાં બે લગ્ન થયાં જે કદાચ અત્રે બીરાજેલા બધા ગૃહસ્થોએ નજરે નહીં જોયા હોય પણ કાને સાંભળ્યા તો હશેજ. મહાદેવી ઉમીયાજીની એવીજ ઇચ્છા છે કે ગામેગામ છુટાં લગ્ન કરાવી તેના વહાલા પુત્રોને વહેમની જાળમાંથી દુર કરવા. આ ઇચ્છા પુર્ણ કરવા માટે આજ આપણી નજરની સામે સરઢવ ગ્રામ મધ્યે ચી૦ **ચીમનલાલનાં** માંગલીક લગ્ન ચી૦ **પ્રસન્નની** સાથે ધર્મશાસ્ત્રાનુકુળ થયાં છે.

લગ્ન પ્રસંગના માંગલિક ગીતો અનેક દેવીઓ (સ્ત્રીઓ) એકઠી થઇ આનંદપૂર્વક ગાય છે, વેદમંત્રોની ધ્વની વડે મંડપ ગાજી રહ્યો છે, દંપતિ પરસ્પર શુદ્ધ હૃદયથી વેદમંત્રોથી પ્રતિજ્ઞાઓ લઇ સભાજનોનાં હૃદયને આકર્ષી રહ્યાં છે, અને વેદજ્ઞ વિદ્વાન બ્રાહ્મણો અને અન્ય બંધુઓ વેદમંત્રવડે દંપતિને આશિર્વાદ આપી આનંદના આવેશમાં પુલથી વધાવી રહ્યાં છે. એથી આપણને ખાત્રી થાય છે કે આપણી કુળદેવી મહાદેવી ઉમીયાજીની ખાસ ઇચ્છાથીજ છુટા લગ્નનો પ્રબંધ થયો છે. જે કોઈ મહાદેવી ઉમીયાજીનો સાચો ભક્ત અને સાચો પુત્ર કહેવરાવવા ઇચ્છતો હોય તેણે પોતાના પુત્રનાં ૨૦ વર્ષની ઉમર થતાં પહેલાં અને પુત્રીનાં ૧૪ વર્ષની ઉંમર થતાં પહેલાં લગ્ન કરવા નહીં. મોટી ઉંમરે છુટા લગ્ન કરવાથીજ આપણે **મહાદેવીના અને રાજ્યના સાચા ભક્ત ગણાશું.**

## આપણી કોમના સ્વાર્થીઓ હાલ શું કહે છે ?

તેઓ કહે છે કે:—

૧ છુટા લગ્ન થઇ જવાથી ગરીબનાં છોકરા કુંવારા રહી જશે!

૨ છુટા લગ્ન થવાથી કન્યાવિક્રય વધી જશે!!

પ્રથમ તો સ્વાર્થીઓ તરફથી મહાદેવીનો કોપ થવાનો ભય બતાવવામાં આવતો હતો પણ તેમાં ફાવ્યા નહીં. હવે માત્ર ઉપરની બેજ દલીલો બતાવવામાં આવે છે. આપણા ભોળા બંધુઓ વ્યવહારીક જ્ઞાનમાં પછાત હોવાથી સ્વાર્થીઓના ભમાવવાથી ઉપરની બે

દલીલોને આગળ ધરી છુટા લગ્ન થવા વિરૂદ્ધ પોતાના વિચાર જણાવે છે.

**આવો ! બંધુઓ !! આપણે બધા એક દીલથી, સલાહ સંપથી વીચાર કરીએ !!!**

આપણા કરતાં બ્રાહ્મણો વિદ્વાન છે, શાસ્ત્રોના જાણવાવાળા છે, અને વાણીયાઓ વ્યવહારીક જ્ઞાનમાં ઘણા કુશળ છે. જો છુટા લગ્ન થવાથી ગરીબનાં છોકરાં કુંવારા રહેતાં હોય તો તેઓ પણ એકતીથીએ લગ્ન કરવા તૈયાર થાત, પણ તેઓ સમજે છે કે એક તીથીનાં લગ્ન થવાથી તો ગરીબનાં જીંદગી પર્યંત કુંવારાજ રહેવાનાં. મેં પણ તમોને પ્રથમ જાણાવેલું છે કે એક તીથીના લગ્ન હોવાથીજ આપણા ગરીબોનાં છોકરા મરતાં સુધી કુંવારા રહી જાય છે, અને તેના અનેક દાખલાઓ તપાસ કરવાથી મળી આવ્યા છે.

આપણી ન્યાતમાં કન્યાવિક્રય, સાટાપેટા અને ત્રેખડા થાય છે તેનું કારણ આપણા નહાના નહાના ઘોળ બંધાએલા છે જેથી એક ઘોળની કન્યા બીજા ઘોળમાં જતી નથી. એક ઘોળમાં કન્યાની છત હોય છે તો બીજામાં કન્યાની અછત હોય છે. જ્યાં છત છે ત્યાં એક ઉપર અનેક સ્ત્રીઓ થાય અને અજ્ઞાન માબાપો પોતાની પુત્રીને શોકય ઉપર આપી દુ:ખદરીઆમાં ડુબાડે છે. જ્યાં અછત હોય છે ત્યાં કન્યા વીક્રય થાય છે છતાં પણ તપાસ કરતાં એમ માલમ પડ્યું છે કે કન્યાવિક્રય કરનારા વીભાગમાંના ઘણાજ થોડા કુંવારા માલમ પડે છે. એમ કરતાં કદાચ કુંવારા રહી જાય તો બીજે લગ્ને પણ પૈસા ખરચી પરણે છે. અથવા

તો છેવટમાં નાતરાની કન્યા લાવીને પણ નીભાવી લેય છે, કેટલીક વખત પોતાના ઘોળમાંથી ન મળે તો બીજા વીભાગમાંથી પણ પૈસા ખરચી લાવે છે. પણ જે વિભાગમાં ખાસ એવો દુરાગ્રહ છે કેઃ— દીકરી દુઃખી થાય કે રીબાઈને મરી જાય, દીકરીને તેનો ધણી દાણા ન આપે તો ભલે દીકરી પીયરમાં રહી બાપના ખેતરના ખુણામાંથી દાણા ખાય, અથવા સાસરે રહી તાઇ, પીંજારા અને મોમના કે બીજા હરકોઇને ત્યાં જઇ રેંટીઓ ફેરવી કમાઇ લાવી દાણા ખાય. તેની જેના માબાપોને ફીકર નથી પણ માત્ર એટલીજ ફીકર છે કે જે કુટુંબને અમે અને અમારા બાપદાદાઓએ કુળવાન તરીકે માની લીધા છે તેનાજ કુટુંબમાં દીકરી આપવી. બેચાર પાંચ શોકયો હોય તોપણ પરવા નહીં. પણ અમે તો બીજાને દીકરી નજ આપીએ. એવો જેને દુરાગ્રહ છે તે વીભાગના ગરીબના તો કુંવારા રહી જાય છે, નાતરાની કન્યા પણ મેળવી શકતા નથી.

છુટા લગ્ન થવાથી કન્યાવિક્રય વધવાનો નથી પણ **કન્યાઓનો માનમરતબો** વધવાનો છે! ગમે તેવો દ્રવ્ય લોભી પાપી પીતા લોકલાજએ પોતાની દીકરીનાં સુખને ચહે છે. જેથી મોટી ઉંમરે પુત્રીને પરણાવતાં મુરતીઆમાં કોઇ જાતના દોષ હોય તો દ્રવ્યની લાલચમાં પણ પોતાની પુત્રીને દુઃખી કરવા આપશેજ નહીં, અને ગમે તેવા ગરીબ માબાપના છોકરાઓ પણ ભણેલા, કમાઉ અને સદાચારી હશે તો તે મફતમાંજ પરણશે. જે વિભાગમાં વરવીક્રય છે તે વિભાગનાં નામધારી કુળવાનો હજાર પાંચસો ચાંડલાના લઇ લગ્ન કરે છે, અને બીજા લગ્ન આવતાં. પેહેલાની કન્યાને રઝ-ળતી મુકી બીજી વખત લગ્ન કરે છે, અથવા તો બે ચાર નાત-

રાની લાવી બેસારે છે અને વારાફરતી એક એકને પૈસા લઇ ફાર-ગતી આપે છે–વેચે છે. પરણતી વખતે ચાંદલો લેવો અને છાંડતી વખતે બદલો માંગવો. આવો મ્હોટો લાભ કહેવાતા કુળવાનોને એક તીથીનાં લગ્નથી થાય છે, તેનો નાશ થઇ જવાનો તેમને ભય છે. આપણી ન્યાતમાં કેટલાક સમજુ માબાપો પોતાની કન્યાને ફુલને દડે પરણાવી મોટી ઉમરની થતાં નાતરાની રીતે વળાવી દેય છે, તે ઉપરથી જે અનુભવ મળેલો છે, તે એ છે કે મોટી ઉમરે વળાવવાથી લગ્ન વખતનો ખરચ અને ચાંદલો આપવાનો બચી જાય છે, અને તે વખતે વરની ઉમર મોટી હોવાથી તેના ગુણ દોષ જોવામાં આવે છે, જેથી સારૂં ઘર અને લાયક વર મેળવી વળાવતા હોવાથી તે કન્યાઓ દુઃખી થતી નથી. આ અનુભવથીજ સ્વાર્થીઓને ફીકર પેઠી છે કે અમે જેઓ અનેક સ્ત્રીઓ કરી કેવળ સાસરાની આવક ઉપરજ નીભાવ કરનારા છીએ તેને મોટી ઉંમરે અમારાં આવા રાક્ષસી કર્મને જોઇ કન્યા આપશે કોણ? આ ફીકરમાંજ પોતાના લાભની ખાતર ઉપરની દલીલો ભોળા અને બાવીક જનો પાસે સ્વાર્થીઓ રજુ કરે છે, અને આપણા બાઇઓ તેમનો અંદરનો ખરો હેતુ જાણતા નહીં હોવાથી છુટા લગ્નથી ગભરાય છે.

પ્રીય બંધુઓ! ગભરાઓ નહીં, તમે સ્વાર્થીઓના બહેકાવથી બેહેકાઓ નહીં, બુદ્ધિપૂર્વક વિચાર કરો, અને તમારી પુત્રીઓને સુખી કરવા ઇચ્છતા હો, તમારી પુત્રીઓનો આશીર્વાદ લેવા માંગતા હો તો ભણેલો, પોતાની જાતે કમાઇ પોતાનો નિર્વાહ ચલાવી શકે તેવો, સદાચારી–એક પત્ની વ્રત ધારી સજ્જન હોય તેનીજ સાથે તમારી પુત્રીઓને મોટી ઉંમરે પરણાવો, જેથી તમારી પુત્રીઓ

તમને હમેશાં આશીર્વાદ આપશે. તેના આશીર્વાદથી તમારા વંશની, ધનધાન્યની-રીદ્ધિ સિદ્ધીની વૃદ્ધિ થશે.

સ્ત્રીઓને દુઃખ દેવું, અન્નવસ્ત્ર વિના રઝળાવવી, સ્ત્રીના પીયરનીજ આવક ઉપર તાગડધીન્ના કરવાં, અને અનેક સ્ત્રીઓ કરી પૂર્વની સ્ત્રીઓને વેચવી એવા જે રાક્ષસી કર્મ કરનારા રાક્ષસો આપણી ન્યાતમાં ભળી ગયા છે તેને જ્ઞાતિબહાર મુકી દઇ, રાક્ષસી કર્મનો ફેલાવો કરવાનું સાધન જે એક તીથીનાં બાળલગ્ન છે. તેને તીલાંજલી આપો. ભવિષ્યની પ્રજાની ઉન્નતિ અર્થે મોટી ઉંમરે દીકરા, દીકરીઓને યોગ્ય જ્ઞાન આપી લગનની પવિત્ર ગાંઠમાં અરસ્પરસ પ્રતિજ્ઞા લેવરાવી જોડો, જેથી તેઓ સંસારના સુખના સાચો લ્હાવો લઇ આનંદમાં દીવસ ગુજારશે, અને મહાદેવી ઉમયાજીની કૃપા મેળવી અક્ષય સુખને પ્રાપ્ત કરશે.

ઓમ્ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ધર્મ વિજય પ્રેસ પાયધુની, નં. ૫૭૨ મુંબઈમાં હરજીવન ભગવાને છાપ્યું.